EDI

Sandesh

December 3, 2011
Page No. 10

ઈડીઆઈને દેવાંગ મહેતા બી-સ્કૂલ લીડરશિપ ઍવૉર્ડ

અમદાવાદ: ગાંધીનગર ખાતે આવેલી આંત્રેપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ)ને તાજેતરમાં 'સ્વ. શ્રી દેવાંગ મહેતા નેશનલ બી-સ્કૂલ લીડરશિપ ઍવૉર્ડ' મળ્યો હતો. મુંબઈમાં ૨૬ નવેમ્બર, ૨૦૧૧ના રોજ યોજાયેલા કાર્યક્રમમાં ઈડીઆઈ સંસ્થા વતી બિઝનેસ ડેવલપમેન્ટ સેલના વડા નિખિલેશ દેસાઈએ ઍવૉર્ડ સ્વીકાર્યો હતો. ઍવૉર્ડમાં આઈએલએફના મેનેજિંગ ડાયરેક્ટર રમેશ બાવા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ બાબતે ઈડીઆઈના ડાયરેક્ટર ડૉ. દિનેશ અવસ્થીએ જણાવ્યું કે, 'ઝડપથી બદલાતાં વૈશ્વિક ઔદ્યોગિક વાતાવરણમાં ઉદ્યોગ સાહસિકતા સંબંધિત શિક્ષણ આપવાની પ્રવૃત્તિ કરતી સંસ્થાને આ પ્રકારના ઍવૉર્ડ ધ્યેયપૂર્તિ કરવામાં પ્રોત્સાહક બની રહે છે.'